| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | **બી. આર. ભટ્ટ**<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | **સુરત મહાનગરપાલિકા**<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧/ ૨૦૧૮–૧૯, તા.૨૩/૦૫/૨૦૧૮

અરજદારઃ- શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૬૭, તા.૨૬/૦૪/૨૦૧૮ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧/૨૦૧૮–૧૯ તા.૨૩/૦૫/૨૦૧૮.

આર.ટી.આઈ. એક્ટ હેઠળ અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આઈ.ડી. નં. ૬૭, તા.૨૬/૦૪/૨૦૧૮ ની અરજી અત્રે તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

"સદરહુ માહિતી અધિકાર ધારા–૨૦૦૫ અન્વયેની અરજીને સંબંધિત અનુક્રમે (૧) જાહેર માહિતી અધિકારી અને (૨) જાહેર માહિતી અધિકાર ધારા અન્વયેના અપીલ અધિકારીનું પુરુ નામ, તેઓના ચુંટણી ઓળખપત્ર અન્વયેનું અથવા તો SMC નાં રેકર્ડ ઉપરના દસ્તાવેજ અન્વયેનું, તેઓનો હોદ્દો, SMC ના રેકર્ડ અન્વયેનો કર્મચારી ક્રમાંક તથા તેઓ હાલમાં જે હોદ્દા ઉપર જયારથી ફરજ બજાવે છે તે અન્વયેની સંપૂર્ણ તવારીખી માહિતી " વિગેરે મુદ્દા ૧ થી ૧૩ થી માહિતી માંગવામાં આવેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ એપેલેટ અધિકારી, સ્લમ અપગ્રેડેશન વિભાગને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ એસયુસી/અપીલ/નં.૧, તા.૨૩/૦૫/૨૦૧૮ થી મળેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૩૯, તા.૧૦/૦૫/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

" પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના સબબ સુરત શહેર મહાનગરપાલિકામાં આવેલ તમામ ઝોન અંતર્ગત આવાસની કુલ સંખ્યા અને તેના પ્રકાર જેવા કે EWS, LIG, MIG વિગેરે તથા સદરહુ એવા તમામ આવાસો જે જમીન ઉપર બાંધવામાં આવેલ છે તે નિર્માણ થયેલ/કરાવેલ છે, તેને સંલગ્ન સ્ટેબીલીટી રીપોર્ટ, નાણાંકીય રીપોર્ટ, સરકાર માન્ય ટેસ્ટીંગ એજન્સીઓ જેવી કે GERI અને SVNIT દ્વારા થયેલા/કરાવાયેલા ટેસ્ટીંગ સબબનાં રીપોર્ટ તેમજ તેને આનુસાંગીક કરવામાં આવેલ અસરકારક અને પરિણામલક્ષી કાર્યવાહીની દસ્તાવેજી માહિતી, ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન તથા IS Code પ્રમાણેના આઈટમોના સ્થાને ફેરફાર કરીને ટેન્ડરની શરતો વિરૂધ્ધ જે જે આઈટમો જયાં જયાં અને જેટલી વાપરવામાં આવેલ છે તેની સંપૂર્ણ નાણાંકીય ખર્ચ સહિતની યાદી, સદર આવાસોમાં જે જે કંપનીની ટાઈલ્સો વાપરવામાં આવેલ છે અને જે જે કંપનીની લિફ્ટનો ઉપયોગ કરવામાં આવેલ છે તે સંબંધિત આપશ્રી દ્વારા જણાવેલ માહિતી તથા જો ટ્રાયો કંપની કે અન્ય જાણીતી કંપનીની લિફ્ટ લગાડવામાં આવેલ હોય તો તે તમામ કંપનીઓના લિફ્ટને સંલગ્ન ટેસ્ટીંગ રીપોર્ટ, ઈન્સ્પેકશન સબબ માહિતી તેમજ કામગીરી કરનાર જવાબદાર અધિકારી અને સત્તામંડળ વિશેની જરૂરી તમામ માહિતી આપના તરફથી માંગવામાં આવેલ છે. આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત તેમજ વિપુલ પ્રમાણમાં હોય અત્રેની કચેરીએ દિન–૦૭ માં નીચે સહી કરનારનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સદરહુ ઉપલબ્ધ રેકર્ડની તપાસણી હેતુસર દફતરી ઈન્સ્પેકશન કરી શકો છો. દફતરી તપાસ / ઈન્સ્પેકશન બાદ આપની જરૂરીયાત મુજબની માહિતીની નકલો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચુકવણી કર્યેથી મેળવી શકશો.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની  પ્રથમ અપીલ નં. ૧ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ બપોરબાદ/સાંજે ૪:૦૦ ના સમયે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. એસયુસી/અપીલ/ નં. ૦૭, તા.૨૮/૦૫/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા હતા અને આઈ.ડી. નં. ૬૭ થી માંગેલ બધીજ માહિતી તથા રૂબરૂ

સુનાવણી સમયે તા.૦૧/૦૬/૨૦૧૮ થી રજુ કરેલ અપીલની રજુઆત શીર્ષક હેઠળ દર્શાવ્યા મુજબની રજુઆત અન્વયે સ્પષ્ટપણે આપવા જણાવેલ.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૨૬/૦૪/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારે સુરત મહાનગરપાલિકા હદમાં સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્માણ કરાવેલ/ થયેલ શહેરી ગરીબો માટે EWS, LIG, MIG વિગેરે તથા સદરહુ એવા તમામ આવાસોના કામોની યાદી તેમજ અન્ય તમામ માહિતીનો દફતરી ઉપલબ્ધ રેકર્ડ વિપુલ અને વિસ્તૃત પ્રમાણમાં હોય, સ્લમ અપગ્રેડેશન વિભાગ કચેરીએ દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની તપાસણી હેતુસર દફતરી ઈન્સ્પેકશન કરવા અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીની જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદારશ્રી તેની નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)નો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા/માંગેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે અને દફતરી ઈન્સ્પેકશન કરવા ઈચ્છિત ન હોય તો રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ જણાવેલ રજુઆત અન્વયે અરજદારશ્રીની આઈ.ડી. નં. ૬૭ અરજી અન્વયેની મુદ્દા નં. ૨ ની માહિતી, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચૂકવણી કર્યેથી દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીશ્રીને આપવા હુકમ કરુ છું. જયારે મુદ્દા નં. ૩ થી ૯ તથા ૧૩ ની માહિતી વિપુલ પ્રમાણમાં વિસ્તૃત પ્રકારની હોય જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૦/૦૫/૨૦૧૮ ના પત્રમાં જણાવ્યા મુજબની માહિતીનો દફતરી ઉપલબ્ધ રેકર્ડ, વિપુલ અને વિસ્તૃત પ્રમાણમાં હોય, સ્લમ અપગ્રેડેશન વિભાગ કચેરીએ દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સંલગ્ન ઉપલબ્ધ દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીની જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવાની રહે છે. જે માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચૂકવણી કર્યેથી દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીશ્રીને આપવા હુકમ કરુ છું. તે સિવાયની મુદ્દા નં. ૧ ની માહિતી પુરી પાડવાનું આર.ટી.આઈ. સેલ, સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ તથા મુદ્દા નં. ૧૦ થી ૧૨ ની માહિતી સુરત મહાનગરપાલિકાના મહેકમ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય જે તે વિભાગમાંથી માહિતી મેળવવા અરજદાર હકકદાર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./ ૧૦
તારીખઃ– ૨૦/૦૬/૨૦૧૮

પ્રતિ,
(૧) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, ૫૩, હંસ સોસાયટી, નવા ગામ, વરાછા મેઈન રોડ, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | બી. આર. ભટ્ટ<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |


અરજદારઃ- શ્રી ત્રિવેદી ઈન્દ્રવદન પ્રકાશભાઈ

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ત્રિવેદી ઈન્દ્રવદન પ્રકાશભાઈની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૬૨૩, તા.૧૫/૦૩/૨૦૧૮ બાબત.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી ત્રિવેદી ઈન્દ્રવદન પ્રકાશભાઈની આઈ.ડી. નં. ૬૨૩, તા.૧૫/૦૩/૨૦૧૮ ની અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન એ તેમના પત્ર નં. સા.વે. (અઠવા) ઝોન / આર.ટી.આઈ./આ. ૪૫, તા.૦૫/૦૪/૨૦૧૮ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા.૦૭/૦૪/૨૦૧૮ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

પ્લોટ નં. ૧૧૯, એસ.એમ.સી. કાપોદ્રા પેટ્રોલ પંપ પાછળ, વરાછા રોડ, સુરતને લગતી વિવિધ માહિતી માંગવામાં આવેલ છે.

જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૨૫, તા.૨૭/૦૪/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં. ૧ :– | પ્લોટ નં.૧૧૯, એસ.એમ.સી. કાપોદ્રા પેટ્રોલ પંપ પાછળ, વરાછા રોડ,સુરત ખાતેના આવાસોનું બાંધકામ વર્ષ ૨૦૦૧–૦૨ માં થયેલ છે. |
| મુદ્દા નં. ૨ :– | સદર આવાસોના પ્લાનની નકલ આ સાથે સામેલ 'નમૂના–ખ' મુજબ ની ફી ભરપાઈ કર્યેથી પાઠવી શકાશે. |
| મુદ્દા નં.૩,૪ :– | આપના મુદ્દાઓમાં જણાવેલ પ્રશ્ન સંબંધિત અત્રેના ઉપલબ્ધ રેકર્ડમાં માહિતી નથી. |
| મુદ્દા નં. ૬ :– | આખા સુરત શહેરમાં મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના આર્થિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત બનાવવામાં આવેલ EWS, LIG તથા VAMBAY આવાસોમાં બનાવેલ ટેરેસ પર પાળીઓ બનાવેલ નથી. સદરહુ બાબતે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અગાઉ ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ચેરમેરશ્રીને પ્રત્યુત્તર પાઠવવામા આવેલ છે જેમાં ટેરેસ પર પાળી ન બનાવવાનું આયોજન તથા ટેરેસ પર અવર જવર બાબતે આવશ્યકતા/જરૂરિયાત અંગેની વિગતો સમાવિષ્ટ છે. જેની નકલ આ સાથે સામેલ "નમૂનો–ખ" મુજબની ફી ભરપાઈ કર્યેથી પાઠવી શકાશે. |
| મુદ્દા નં. ૭ :– | સુરત શહેરમાં મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના આર્થિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત બનાવવામાં આવેલ EWS, LIG તથા VAMBAY આવાસોમાં બનાવેલ ટેરેસ પર પાળીઓ બનાવેલ નથી પરંતુ સદર આવાસો પર પાળીઓ બનાવવા અંગે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કઅદયત ના તજજ્ઞો પાસેથી અભિપ્રાય મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને કઅદયત તજજ્ઞો દ્વારા સ્થળ મુલાકાત તથા નીરીક્ષણ કરીને રીપોર્ટ અત્રે પાઠવેલ છે. જે મુજબ પ્રશ્નવાળા આવાસોની બિલ્ડીંગોની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી પુરતી ન હોવાનો અભિપ્રાય આપેલ છે. આમ SVNIT ના તજજ્ઞો દ્વારા સ્થળ મુલાકાત તથા સ્થળ પરીક્ષણ કરેલ રીપોર્ટની નકલ "નમૂનો–ખ " જણાવ્યા મુજબની ફી ભરપાઈ કર્યેથી પાઠવી શકાશે. |
| મુદ્દા નં. ૮:– | આપના મુદ્દામા જણાવેલ પ્રશ્ન ભવિષ્ય સંદર્ભે પ્રશ્નવાચક છે જે જાણશો. જે માહિતી અધિકારના પરિપ્રેક્ષ્યમાં વ્યાખ્યાયિત નથી. તેમજ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી પાઠવવાની રહે છે. |

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી ત્રિવેદી ઈન્દ્રવદન પ્રકાશભાઈની અરજી આઈ.ડી. નં. ૬૨૩, તા.૧૫/૦૩/૨૦૧૮ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં.

એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં. ૦૬, તા.૨૮/૦૫/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા ન હતા. પરંતુ વધુ એક તક આપી અરજદાર મજકૂરને તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં. ૦૯, તા.૧૨/૦૬/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા ન હતા.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ત્રિવેદી ઈન્દ્રવદન પ્રકાશભાઈની તા.૧૫/૦૩/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૬૨૩ બાબતે તથા અરજદારશ્રી દ્વારા તા.૦૭/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૮ સુધીના તમામ પત્રોની સુનાવણી અર્થે તેમને તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ પરંતુ તેઓ હાજર રહયા ન હતા. પરંતુ વધુ એક તક આપી તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તેમને અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ પરંતુ તેઓ હાજર રહયા ન હતા. ઉપરોકત આઈ.ડી. ની અરજદારની રજુઆતમાં માંગેલ માહિતી અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી/ખરાઈ કરવા માટે અત્રેથી જણાવેલ છતાં અરજદારશ્રી દ્વારા અત્રેની કચેરીએ મળેલ તા.૨૧/૦૬/૨૦૧૮ ના પત્રના અનુસંધાને તેઓ અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહયા ન હતા જયારે જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતા. તેમના જણાવ્યા અનુસાર તેમને પાઠવેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ જ પાઠવવામાં આવેલ હોય અરજદારની અરજી દફતરે કરવાનો હુકમ કરું છું.

વધુમાં અરજદારશ્રીના તા.૨૩/૦૫/૨૦૧૮ ના પત્ર અન્વયે જણાવવાનું કે, આસી. આર્કિટેકટ સેન્ટ્રલ ડીઝાઈન ડીપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૦૪ ની સહી દર્શાવેલ છે. જે અસલ પરથી ખરી નકલ કરેલ તે સહી કર્યાની તારીખ છે. જે અંગેની જાણ લેવા વિનંતી.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./ ૧૧
તારીખઃ– ૨૫/૦૬/૨૦૧૮

પ્રતિ,

(૧) શ્રી ત્રિવેદી ઈન્દ્વવદન પ્રકાશભાઈ, પ્રેમજી ડોકટરની શેરી, ઘેટી દરવાજા પાસે, પાલીતાણા–૩૬૪૨૭૦, જી. ભાવનગર. મો.નં. ૯૮૭૯૯૭૨૪૩૨.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.

(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | બી. આર. ભટ્ટ<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૨/ ૨૦૧૮–૧૯, તા.૩૦/૦૫/૨૦૧૮

અરજદારઃ- શ્રી શેખ મહેમુદ રસીદ

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ મહેમુદ રસીદ ની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૪૭, તા.૨૦/૦૪/૨૦૧૮ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૨/૨૦૧૮–૧૯ તા.૩૦/૦૫/૨૦૧૮.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી શેખ મહેમુદ રસીદની આઈ.ડી. નં. ૪૭, તા.૨૦/૦૪/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા.૩૦/૦૫/૨૦૧૮ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

ટી.પી. સ્કીમ નં. ૦૭, ફા. પ્લોટ નં. ૧૮૬, બાખડ મોહલ્લાને લગતી વિવિધ માહિતી માંગવામાં આવેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ મ્યુ. કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ સેન્ટ્રલ ઝોનના પત્ર નં. C.C.C./C.ZONE/Out/૭૨, તા.૨૮/૦૫/૨૦૧૮ થી તબદીલ થઈ અત્રેના ઈનવર્ડ નં. એસયુસી/આરટીઆઈ/અપીલ/નં.૨, તા.૩૦/૦૫/૨૦૧૮ થી મળેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૪૬, તા.૨૩/૦૫/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

"આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે જણાવવાનું કે, આપની અરજી પ્રશ્નોત્તરી સ્વરૂપની છે જે જાણશો. તેમ છતાં તા.૧૮/૦૯/૨૦૧૭ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાની અધ્યક્ષતામાં મળેલ ઝુંપડપટ્ટી પુનઃવસન માટે સુરત મહાનગરપાલિકા કક્ષાએ રચાયેલ "સત્તામંડળ" ની મળેલ મીટીંગમાં થયેલ ઠરાવ નં. ૦૩/૨૦૧૭–૧૮, તા.૧૮/૦૯/૨૦૧૭ મુજબ સદર પ્લોટ હેતુફેરની મંજુરીની અપેક્ષાએ અંદાજીત ૧૩૦૦ ઝુંપડાઓને મુખ્યમંત્રી ગુહ યોજના/પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત PPP હેઠળ પુનઃવસન કરવાની કામગીરીમાં પસંદગી કરી નોટીફાઈડ કરવાની કામગીરી કરવાનું ઠરાવવામાં આવેલ છે."

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી શેખ મહેમુદ રસીદની પ્રથમ અપીલ નં. ૨ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં. ૦૮, તા.૧૧/૦૬/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા ન હતા.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી શેખ મહેમુદ રસીદની તા.૨૦/૦૪/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૪૭ બાબતે તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ. પરંતુ તેઓ હાજર રહયા ન હતા. અરજદારની અરજી અન્વયે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૪૬, તા.૨૩/૦૫/૨૦૧૮ થી પાઠવવામાં આવેલ જે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિયત સમયમર્યાદામાં પાઠવેલ છે તેમજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી/ખરાઈ કરવા અત્રેથી સદરહુ પત્રમાં જણાવેલ છતાં

અરજદાર હાજર રહયા ન હતા. અરજદારને પાઠવેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ જ પાઠવવામાં આવેલ હોય, જેથી અરજદારની અપીલ અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદારની અરજી દફતરે કરવાનો હુકમ કરું છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./૧૨
તારીખઃ– ૨૫/૦૬/૨૦૧૮

પ્રતિ,
(૧) શ્રી શેખ મહેમુદ રસીદ, ૩૪૨, બાખડ મોહલ્લા, ગલી નં. ૭, માનદરવાજા, સુરત–૩૯૫૦૦૨.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૩) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.